# શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે બપોરે વરસાદી છાંટણા : ઉકળાટ વધ્યો

**શહેરમાં સિઝનનો ૪૪૫ મી મી વરસાદ નોંધાયો : ગઇકાલના તોફાની વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ અને ગંદકીનુ સામ્રાજય**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરમાં ગઈકાલે વરસાદના તોફાની મિજાજના અંતે આજે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે બપોરના સમયે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. જો કે પલવારમાં જ વરસાદી વાદળો વિખેરાઈ જતા વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તાયો હતો. શહેરમાં સિઝનનો ૪૪૫ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં ગઈકાલના ભારે વરસાદના અંતે સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે સેકટરોમાં વરસાદી સમસ્યાઓથી પણ રહીશો તોબા પોકારી ગયા છે. વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધતા રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે.



ગાંધીનગરમાં ચોમાસાની શરૂઆતથી જ વરસાદનો મિજાજ મંદ જોવા મળે છે. શરૂઆતમાં સતત એક મહીના સુધી કયારેક ઝરમર વરસતા મેઘરાજા મન મુકીને વરસે તેવી આશ સાથે નગરજનો પણ વિચિત્ર મિજાજની અસરથી અકળાયા હતા જો કે જુલાઈ મહીનાના અંત અને ઓગષ્ટના પ્રારંભે નોંધપાત્ર વરસાદ થતા નગરજનોમાં હાંશકારો થયો હતો ગઈકાલે પણ બપોરે ધોધમાર વરસાદના અંતે શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ જયારે એક જ કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકયો હતો.

જયારે આજે સવારથી જ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદની ગેરહાજરી વર્તાઈ હતી જેના લીધે વાતાવરણમાં સતત ઉકળાટ અનુભવતા નગરજનો ગરમીથી અકળાયા હતા. ગઈકાલના ભારે વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ ઉપરાંત રાત્રિના સમયે બંધ સ્ટ્રીટ લાઈટના લીધે અંધારપટ્ટ જોવા મળ્યો હતો સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા બાદ આજે પણ હજુ કેટલાક ઠેકાણે વરસાદી પાણી ઓસર્યા ન હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જેના લીધે સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધવાની સંભાવના વચ્ચે નગરજનો જીવાતના ઉપદ્રવથી પણ પરેશાન છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં ગંદકીનુ સામ્રાજય જોવા મળે છે.

આજે સવારના વાદળિયા વાતાવરણ બાદ બપોરના સમયે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. જો કે વરસાદી છાંટણા બાદ વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા દિવસા અંતે અંદાજિત ૪ થી ૫ મી મી વરસાદ નોંધાયો હતો શહેરમાં સિઝનનો ૪૪૫ મી મી વરસાદ થયો છે. જે શહેરના સરેરાશ વરસાદની સાપેક્ષમાં ૫૫ ટકા જેટલો છે. વરસાદી સિઝન દરમિયાન સેકટરોના આંતરિક વિસ્તારમાં પાણીના ભરાવા સાથે માર્ગોનુ પણ ધોવાણ થયુ છે જેના લીધે શહેરીજનોને હાલાકી વેઠવી પડે છે.

# શહેરમાં એક લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાશે

**૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન ''હર ઘર ત્રિરંગા અભિયાન'' યોજાશે : મનપાએ દરેક વોર્ડ માટે એક ટીમ બનાવી : તંત્ર દ્વારા આજથી વિતરણ કાર્ય હાથ ધરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૫



ગાંધીનગર શહેરમાં એક લાખ ૧૦ હજારથી વધુ ઘરોને ''હર ઘર ત્રિરંગા'' હેઠળ આવરી લેવામાં આવશે અને આ અંગેની તૈયારીઓ મનપાના તંત્રએ પૂર્ણ કરી લીધી છે.

૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન યોજાનાર આ અભિયાન માટે દરેક ઘરે ત્રિરંગો પહોંચે તે માટે તંત્રએ ૧૧ જેટલી ટીમો બનાવી છે. દરેક વોર્ડમાં આ ટીમો દ્વારા મીટીંગો પણ થઈ ગઈ છે. આ માટે મનપાએ નોડલ અધિકારીઓ પણ વોર્ડ દીઠ બનાવ્યા છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે શનિવાર એટલે કે આજથી આ ત્રિરંગાનું વિતરણ શરૂ કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં દરેક ઘર અને સંસ્થા પર ત્રિરંગો પહોંચે તે માટેનું સંપૂર્ણ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન યોજાનાર આ અભિયાન માટે સ્વૈચ્છીક સંસ્થાઓનો પણ સહયોગ લેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

# વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે ગામડાઓ ગંદકીના ભરડામાં

**તંત્રને ફોન કરવા છતાં એક પણ અધિકારીએ ફોન પર પૃચ્છા કરવાનું ટાળ્યુ : અનિલ પટેલ**

ગાંધીનગર, તા. ૫

ગ્રામીણ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાનો ગંભીર આક્ષેપ જિલ્લા પંચાયતના સદસ્ય અનિલભાઈ પટેલે કર્યો છે.

તેમણે ગ્રામીણ વિસ્તારમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે ઉભી થયેલી ગંદકીને લઈ રોગચાળાનો ભય ઉભો થયો છે. તેમણે આરોગ્યતંત્રને પણ દવા છંટકાવ કરવા માટેની સૂચનાઓ આપવા ડી.ડી.ઓ.ને પત્ર લખી પાઠવ્યું છે.

જિલ્લા ભાજપના સિનીયર સભ્યએ જણાવ્યુ કે ગઈકાલે થયેલા ભારે વરસાદ પછી ઘણા બધા ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. આ અંગે અધિકારીઓને વારંવાર ફોન કરવા છતાં અધિકારીઓના ફોન સતત વ્યસ્ત આવતા હતા. સરકારની સૂચના પછી પણ એકેય અધિકારીએ ફોન કરવાની દરકાર લીધી નથી તે દુઃખદ છે.

પાટનગરમાં જ સરકારની સૂચનાઓનું ઉલ્લંઘ થાય તે યોગ્ય ના કહેવાય. તેમણે ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન તેમજ વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા તાકીદે કરવામાં આવે તેવી માંગ કરી છે.




કોંગ્રેસ શાસિત રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢના નેતાઓ સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬ ખાતે ધરણાં પર બેઠા હતા. વારંવાર વધારવામાં આવી રહેલા પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવો તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવો સતત વધતા આ બાબતનો વિરોધ આ નેતાઓ-મંત્રીઓએ કર્યો હતો.

# સરકારી આવાસોના પેટાભાડુઆતો પાસેથી બજાર દર મુજબ ભાડુ વસુલાશે

**સે-૬ ના વીર ભગતસિંહ નગરમાં ઝડપાયેલા પેટભાડુઆતોને માર્કેટ દરે ભાડુ ચુકવવા નોટીસ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી છે. એકબાજુ રહેણાંકને લાયક આવાસોની સંખ્યા પણ ઓછી છે ત્યારે ફાળવેલા આવાસોમાં પણ પેટાભાડુઆતો રહેતા હોવાના કીસ્સા સામે આવી રહ્યા છે. સે-૬ ના વીર ભગતસિંહ નગરમાંથી ૧૨ પેટાભાડુઆતોના કિસ્સા ઝડપાયા હતા જયારે આ પેટાભાડુઆતોના કિસ્સામાં તંત્ર કક્ષાએથી નોટીસ આપવામાં આવી છે. જેમાં હવે આ પેટાભાડુઆતોના કિસ્સામાં તંત્ર દ્વારા માર્કેટ દર મુજબ રૂ ૪૮૦૦ લેખે ભાડુ વસુલવામાં આવશે.

ગાંધીનગરમાં સરકારી આવાસોની ફાળવણીના અંતે આવાસોને અન્યને રહેણાંક માટે આપી દેવાતા હોવાના કીસ્સાઓ સામે આવી રહ્યા છે. સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જયારે સે- ૬ માં થોડા સમય અગાઉ હાથ ધરાયેલી આકસ્મિક ચકાસણી દરમિયાન ૧૨ કિસ્સામાં પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ તંત્ર કક્ષાએથી આવા કીસ્સામાં કડક પગલા લેવાનો પણ નિર્ણય લેવાયો હતો. સે-૬ ના વિર ભગતસિંહ નગરમાં પેટાભાડુઆતોના ૧૨ કિસ્સા ધ્યાને આવ્યા બાદ અન્ય સેકટરોમાં પેટાભાડુઆતોની તપાસનો દૌર જાણે બંધ થઈ ગયો છે. જયારે આ ૧૨ કિસ્સામાં નોટીસ આપી મકાન ખાલી કરી દેવા માટે પણ જણાંવાયુ છે. તંત્ર કક્ષાએથી આવા કિસ્સામાં હવે બજાર દરેથી ભાડુ વસુલવા માટે પણ નિર્ણય લેવાયો છે. સુત્રોના જણાંવ્યા મુજબ વીર ભગતસિંહ નગરમા લાભાર્થીઓ દ્વારા પેટાભાડુઆતોના કિસ્સા પકડાયા બાદ પણ સેકટરોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં શહેરના અન્ય સેકટરોમાં પણ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવશે જો કે સે-૬ ના અંતે અન્ય કિસ્સાઓ તંત્રના ધ્યાને આવ્યા નથી જયારે વીર ભગતસિંહ નગરમાં ૧૨ કિસ્સામાં પેટાભાડુઆતો અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

# સંક્રમણ ઘટ્યુ : શહેરમાં કોરોનાના નવા ૨૦, ગ્રામ્યમાં ૧૨ કેસ નોંધાયા

**શહેરમાં સે. ૨૯ના વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત : ૬૫ દિવસ બાદ સારવાર દરમ્યાન બીજુ મોત નોંધાયુ : ગ્રામ્યમાં એક દર્દી દાખલ : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં બે, કલોલમાં ૬ અને માણસામાં ૪ કેસ નોંધાયા : શહેરમાં આજે આઈઆઈટી અને સરગાસણમાં ૪-૪ કેસ, કુડાસણ, રાંદેસણ, રાયસણમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૪, ૭, ૯, ૨૫, ૨૬ અને ઈન્ફોસીટીમાંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સંક્રમણમાં ઘટાડો નોંધાયો છે. જો કે શહેરમાં આજે કોરોનાથી પિડીત એક દર્દીનું દુઃખદ અવસાન થયું છે. આ સાથે ગાંધીનગર શહેરમાં કોરોનાની ચોથી લ્હેરમાં મૃત્યુઆંક બે પર પહોંચ્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૨૦, ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૨ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં આજે ૮૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરના સે. ૨૯માં ગઈકાલે ૯૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં આજે સારવાર દરમ્યાન આ વૃદ્ધનું દુઃખદ અવસાન થયુ છે.

મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધને કોરોના ઉપરાંત હાયપર ટેન્શન, ડાયાબીટીસ અને હાર્ટનો પણ પ્રશ્નો હતા.

ગાંધીનગર શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન આ બીજુ મોત થયુ છે. અગાઉ પણ એક દર્દી જે કો.મોર્બિડ હતા તેમનું મોત થયુ હતુ. ૬૫ દિવસ બાદ શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન વૃદ્ધનું મોત થતાં આજે તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૮૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ અને શહેરમાં ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે કોરોનાના નવા ૨૦ કેસ નોંધાયા છે. જેમાં ૧૨ મહિલા દર્દી, તેમજ ત્રણ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા છે.

શહેરમાં આજે આઈઆઈટી અને સરગાસણમાં ૪-૪ કેસ, કુડાસણ, રાંદેસણ, રાયસણમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૪, ૭, ૯, ૨૫, ૨૬ અને ઈન્ફોસીટીમાંથી કેસ મળ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં ૧૭૫થી વધુ એક્ટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે. સર્વેલન્સ સઘન કરવા, ટેસ્ટીંગમાં વધારો કરવા તેમજ ટ્રેકિંગ અને ટ્રેસીંગ પર વધુ ભાર મુકવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૨ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ મહિલા દર્દી અને ૩ દર્દી ૬૦થી વધુ વયના છે. આજે નોંધાયેલા કેસમાં બે શ્રમિકોનો પણ સમાવેશ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં બે, કલોલમાં ૬ અને માણસામાં ૪ કેસ નોંધાયા છે.

માણસા દહેગામમાં કેસો સતત વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સર્વેલન્સ સઘન કરવા માટેની સૂચનાઓ આપી છે.

દહેગામ તાલુકામાં જીવરાજના મુવાડા અને ઓગજીના મુવાડા ખાતેથી કેસો મળ્યા છે.

કલોલમાં રાંચરડા ગામેથી ૩ ઉપરાંત જેઠલજ, કલોલ શહેર, ધમાસણા ગામેથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા શહેર, પરબતપુરા, રાજપુરા અને અમરાપુર ગામેથી કેસ મળેલ છે. અમરાપુરમાં ૭૫ વર્ષીય વૃદ્ધ મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાં ૧૧ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસો સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૫થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૪૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.



ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી સારો કહી શકાય એવો વરસાદ પડી રહ્યો છે. પવન સાથે વરસાદ વરસતા ઘણા વૃક્ષોને નુકશાન પહોંચ્યુ છે. સેક્ટર-૬માં વર્ષો જૂનો વડલો હતો જે ગઈકાલે પડેલા વરસાદમાં પડી ગયો છે. વર્ષો જૂનો આ વડલો પડી જતાં પ્રકૃતિ-પ્રેમીઓએ દુઃખ અનુભવ્યુ છે.

# ઘ-૦ પાસે દબાણ નહીં હટાવનાર ગલ્લા માલિક સામે દબાણ અધિકારીની ફરિયાદ

ગાંધીનગર તા.૫

ગાંધીનગર મહાનગરપાલિકાની દબાણ ટીમે ઘ-૦થી રીલાયન્સ સર્કલ સુધી રાત્રીના સમયે ધમધમતી હાટડીઓ ઉપર ત્રાટકી હતી. દબાણ હટાવ તંત્ર દ્વારા જેસીબી ટ્રક અને પોલીસ બંદોબસ્ત સાથે ગયા હતા અને દબાણોનો સફાયો કર્યો હતો. ત્યારે ઈન્ફોસીટીના ગેટ નં.૨ પાસે ફુટપાથ ઉપર નાગરિકોને અડચણરૂપ લારી ચલાવતાં માલિકને લારી હટાવવાનું કહયું હતું પરંતુ ગલ્લા ધારકે તંત્રની અવગણના કરી દબાણ નહીં હટાવતાં તંત્ર દ્વારા જેસીબી દ્વારા ટ્રકમાં મુકવા જતાં વેપારી મહિલા જેસીબી આગળ આવી ગયા હતા.

અહીંથી મારો કોઈપણ સામાન તમને નહીં લઈ જવા દઉ.. તમારાથી થાય તે કરી લો.. તેમ કહી સરકારી કામમાં અડચણ અને રૂકાવટ ઉભી કરતાં દબાણ ઈજનેર દ્વારા પોલીસ મથકે મહિલા વેપારી સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

# અનામત કેટેગરીમાં લાભાર્થીઓના અભાવે બાકી રહેતા ૮૧ આવાસોનો ડ્રો કરાયો

**ગુડાએ ડ્રો ની પ્રક્રીયાનુ જીવંત પ્રસારણ કર્યુ : ૮૧ આવાસો માટે ૩૬૬૮ લાભાર્થીઓએ ફોર્મ ભર્યા હતા**


ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાએ તૈયાર કરેલી વિવિધ આવાસ યોજના અન્વયે અનામત કેટેગરીમાં બાકી રહેતા ૮૧ જેટલા મકાનોને અનુલક્ષીને આજે ગુડાની કચેરીએ ડ્રો ની પ્રક્રીયા હાથ ધરી હતી આ આવાસો માટે અંદાજિત ૩૬૬૮ લાભાર્થીઓની અરજી મંજુરી કરવામાં આવી હતી જયારે આજે ડ્રો ની પ્રક્રીયાનુ પણ જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે ૮૧ લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં તબક્કાવાર નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. એમ આઈ જી અને ઈ ડબલ્યુ એસ કક્ષાના આવાસો લાભાર્થીઓને ફાળવવા માટે ડ્રો ની પ્રકીયા હાથ ધરવામાં આવે છે. ગુડાએ પ્રથમ તબક્કામાં રાયસણ , અડાલજ અને ચિલોડોમાં એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ કુડાસણ અને સરગાસણ સહીતના વિસ્તારમાં પણ એમ આઈ જી એને એલ આઈ જી આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા. જયારે હાલ પેથાપુર, વાવોલ અને સરગાસણમાં પણ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે ગુડાની અત્યાર સુધીની આવાસ યોજના અન્વયે અનામત કેટેગરીમાં પુરતી સંખ્યામાં લાભાર્થીઓ નહીં મળવના લીધે કુલ બાકી રહેલા ૮૧ જેટલા આવાસો અન્વયે આજે શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીએ જ ડ્રો નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ઈકોનોમિક વિકર સેકશનની યોજના અન્વયે ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૬ કુડાસણ વિસ્તારમાં ફાઈનલ પ્લોટ નં -૧૭૩ માં ૩૩૬ આવાસો તેમજ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૮ સરગાસણ વિસ્તારમાં ફાઈનલ પ્લોટ નં -૪૭ માં ૩૯૨ થઈને કુલ ૭૨૮ આવાસો બાંધવામાં આવ્યા હતા. જયારે આ દરમિયાન અનામત કેટેગરીમાં પુરતી સંખ્યામાં લાભારથીઓ નહીં મળવાતી કેટલાક આવાસોની

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી
ચંદ્રવદન ગોવિંદલાલ પરીખ
તા.૫-૮-૨૨ ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્દગતનુ બેસણું તા.૭-૮-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવાટ્રસ્ટ, ગાંધીનગર, વિશ્વકર્મા મંદિરની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર.૩૮૨૦૧૬

સુનીલ ચંદ્રવદન પરીખ — સ્વ. નીલા સુનીલ પરીખ
ઉર્વિન ચંદ્રવદન પરીખ — સોનલ ઉર્વિન પરીખ
ટીના ઈન્દ્રજીત સેન — ઈન્દ્રજીત સેન

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com